# પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, ડાંગ-આહવા

## સારી કામગીરી સેકશન Content id - 29590

## (વોન્ટેડ બાઇક ચોર ઝડપાયો )

# ડાંગ જિલ્લા એલસીબી પોલીસે બાઈક ચોરને ચોરેલી ૧૬ બાઈક સાથે પકડ્યો

ડાંગ, તા.૨૭

સાપુતારા, ડાંગ : ડાંગ જિલ્લા એલસીબી ટીમે ૨૬ માર્ચના રોજ જિલ્લામાં પેટ્રોલીંગમાં હતી ત્યારે બાઈક ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી હાથ લાગ્યો હતો. પોલીસે કલમવિહિર ગામ પાસે આહવાથી ચીંચલી જતા રોડ ઉપર, એક બાઈક સવારને અટકાવી મોટર સાઈકલ નંબર DN 09 : K 5911 ની તપાસ કરી હતી જે મોટર સાયકલ સેલવાસ પોલીસ સ્ટેશનના વિસ્તારના ગુના રજીસ્ટરમાં નોંધાઇ હતી, જેથી કડક પુછપરછ કરતાં મોટર સાયકલ ચાલક ૨૬ વર્ષીય અસ્પાક સેયદ વાની (રહે.ડાંગ જીલ્લાના નાંદનપેડા ગામ) એ ધરમપુરના મકસુદભાઈ શેખને સાથે ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે આરોપી અસ્પાક વાનીની ધરપકડ કરી હતી. તેણે જણાવ્યું હતું કે, વોન્ટેડ આરોપી મકસુદ શેખે ચોરી કરેલી બીજી ગાડીઓ તેણે ડાંગ જિલ્લાના અલગ અલગ વિસ્તારમા વેચી દીધી હતી. પોલીસે મહેનત કરીને તમામ જગ્યાઓ પર તપાસ કરી ચોરી કરીને વેચેલી ૮ બાઈક, જેમાં ૪ સ્પેલેન્ડર ગાડી, ૨ મોપેડ, ૧ હોન્ડા સાઈન, ૧ સી.ડી. ડિલક્સ મળી કુલ અંદાજે રૂ.૧.૧૫ લાખનો મુદામાલ એલ.સી.બી પી. એસ. આઈ જે.એસ. વળવી, એ.એસ.આઈ. મનહરસિંહ બટકસિંહ સહિત સ્ટાફે કબજે કર્યો હતો.



**ડાંગના નાંદનપેડા ગામના અસ્પાક વાનીની ધરપકડ, તેનો સાગરિત ધરમુપરના મકસુદ શેખ વોન્ટેડ જાહેર**

# ડાંગ જિલ્લા પોલીસે વોન્ટેડ બાઈક ચોરની કરી ધરપકડ



**ડાંગ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જિલ્લાના તમામ વિસ્તારમા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવતા, બાઈક ચોરીના ગુનામા વોન્ટેડ આરોપીઓની ધરપકડ કરી હતી**

**સુશીલ પવાર, ડાંગ** ડાંગ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જિલ્લાના તમામ વિસ્તારમા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવતા, બાઈક ચોરીના ગુનામા વોન્ટેડ આરોપીઓની ધરપકડ કરી હતી. ડાંગ પોલીસ દ્વારા કલમવિહિર ગામ પાસે આહવાથી ચીંચલી જતા રોડ ઉપર, એક ઈસમ મોટર સાઇકલ ઉપર આવતા ગાડી અટકાવી મોટર સાઈકલ નંબર DN 09 : K 5911ની તપાસ કરતા સદર ગાડી, સેલવાસ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૩૫/૨૦૨૩ ઈ.પી.ઓ કલમ ૩૭૯મા દાખલ થયેલ હોઈ, સદર ઈસમ અસ્પાક સેયદ વાની ઉ. વ.૨૬, નાંદનપેડા ગામના તેમના ઓળખીતા, મકસુદભાઈ શેખ રહે. ધરમપુરનાઓ સાથે સદર ગાડી ચોરી કરેલ હોવાનુ જણાતા આરોપી અસ્પાકભાઈ સેયદભાઈ વાની વિરુદ્ધ ઝઈઝ કલમ - ૪૧(૧)(ડી) મુજબ ધોરણસર કાર્યવાહી કરવામા આવી છે.

પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાતા વોન્ટેડ આરોપી મકસુદ શેખ દ્વારા તેમની ચોરી કરેલી બીજી ગાડીઓ પણ આપી હતી, જે અસ્પાક દ્વારા ડાંગ જિલ્લાના અલગ અલગ વિસ્તારમા વેચી દીધેલ છે. જે તમામ જગ્યાઓ પર તપાસ કરી ચોરી કરીને વેચેલી ૮ બાઇક, જેમા ૪ સ્પેલેન્ડર ગાડી, ૨ મોપેડ, ૧ હોન્ડા સાઈન, ૧ સી.ડી.ડિલક્સ મળી કુલ અંદાજે રૂપિયા.૧,૧૫,૦૦૦ જેટલાનો મુદામાલ કબ્જે કરવામા ડાંગ પોલીસ સફળ રહી હતી.